ક્રમાંક: સ્ટેમ્પ/મલત/૧૯/૦૭/૯૯૨

સુપ્રી.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન
સેકટર-૧૩/ સી, 'ખ' રોડ,
ગાંધીનગર
તા. ૮/ ૦૨/૨૦૦૭

**પરિપત્ર:-**

નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રની કચેરીઓની અત્રેની તપાસણી દરમ્યાન તેમજ અરજદારશ્રીઓ તરફથી અત્રે મળતી સુચનાઓની વિગતો ધ્યાને લેતા નાયબ કલેકટરશ્રી ધ્વારા કલમ ૩૨-ક હેઠળવાળા રેફરન્સ લેખોની કાર્યવાહીમાં મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ તથા તે હેઠળના મુંબઈ સ્ટેમ્પ અધિ. (મિલ્કતની બજાર કિંમત નકકી કરવા બાબત) નિયમો ૧૯૮૪ની જોગવાઈઓનુ યોગ્ય રીતે પરિપાલન થતુ ન હોવાની હકીકત ધ્યાન ઉપર આવેલ છે. જેના કારણે કલમ ૩૨-ક ના કેસોની ઝડપી નિકાલની કામગીરી વિલંબિત બને છે સાથો સાથ કાયદાકીય વિવાદો તથા વહીવહટીય મુધ્દાઓ ઉપસ્થિત થાય છે.

ઉપરોકત હકિકતે આથી કલમ-૩૨-કના પંડતર કેસોના નિકાલની કાર્યવાહી હાથ ધરતી વખતે તા.૧/૪/૨૦૦૦ પહેલાના અને પછીના કેસોમાં ક્રમશ: સુનાવણી હાથ ધરી નિકાલ કરવા સંબધે અત્રેની કચેરીના તા.૧/૮/૦૬ ના પરીપત્ર ક્રમાંક :સ્ટેમ્પ/મલત/૮૮/૮૬/૫૧૫૨ (નકલ સામેલ છે.) થી સુચના આપવામાં આવેલ છે. તેમ છતાં આ સુચનાઓનો પણ ચૂસ્તપણે અમલ થતો જણાયેલ નથી. આથી અત્રેના તા.૧/૮/૦૬ના તથા તા.૨૫/૯/૦૬ના પરિપત્રથી આપવામાં આવેલ સુચનાઓનો ચુસ્તતાથી પાલન કરવા આથી તકેદારી રાખવા તમામ નાયબ કલેકટર,સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને આથી જણાવવામાં આવે છે. કલમ ૩૨-ક તેમજ કલમ ૩૯(૧)(ખ) હેઠળના હુકમમાં અધિનિયમ હેઠળ કલેકટર તરીકે પ્રાપ્ત થયેલ સત્તા અનુસાર હુકમ કરવાનો હોય આ અંગે નામજોગ તેમજ પ્રાપ્ત થયેલ સત્તાનો પણ ઉલ્લેખ કરીને ઉદાહરણ તરીકે (હું............. અધિનિયમ કલમ ૩૨/ક , કલમ ૩૯(૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ) હુકમો કરવા આથી સ્પષ્ટ સુચના આપવામાં આવે છે.

ઉકત પરિપત્રનો ચુસ્તતાથી અમલ કરવા તથા સદર પરિપત્ર મળ્યા અંગેની પહોંચ દિન-૭ માં અચૂક મોકલી આપવા પણ આથી જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

-સહી-
સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ
ગુ. રા. ગાંધીનગર

પ્રતિ,
શ્રી ................
નાયબ કલેકટર,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર
જિ.................

રવાના કર્યુ
ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય,ગાંધીનગર

નકલ રવાના:-(૧) શાખાઅધ્યક્ષશ્રી............ (તમામ)
(૨) નોંધણી નિરીક્ષકશ્રી........... (તમામ)
(૩) સબ-રજીસ્ટ્રારશ્રી............ (તમામ)

S.B.SHAH